



# યલો ફેસ્ટિવલ-એકઝિબિશન

## કોલ્હાપુર પાસે પટ્ટાન કોડોલી ગામની વિઠ્ઠલ મંદિરના હલ્દી ઉત્સવનું વડોદરામાં પ્રદર્શન









ફોટોઝર્નાલિસ્ટ ધર્મેશ પારેખ દ્વારા કોલ્હાપુરના મંદિરોમાં ચાલતી પરંપરા ને પોતાના કેમેરામાં લઈ તેનું એક્ઝિબિશન અલકાપુરી સ્થિત પી એન ગાડગીલ હોલ ખાતે રાખવામાં આવ્યું હતું એક્ઝિબિશનમાં ઉદઘાટક તરીકે સુનીલ નાથ મહારાજના દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તેમજ સ્પેશ્યલ ગેસ્ટ તરીકે સુરેશ ખૈરે પણ હાજર રહ્યા હતા 'યલો ફેસ્ટિવલ - હલ્દી ઉત્સવ' યેલો ફેસ્ટિવલમાં કુલ 24 ફોટો પ્રદર્શિત કરેલા છે, જેમાં થોડાક ફોટોસ જેજુરીમાં ખંડોબા (ભોલેનાથ) જેમનું કર્મસ્થાન છે, ત્યાંના હલ્દી ઉત્સવના છે. એ સિવાય બીજા ફોટો કોલ્હાપુર પાસે પટ્ટાન કોડોલી ગામની વિઠ્ઠલ મંદિરના હલ્દી ઉત્સવના છે.વિઠ્ઠલ બિરદેવ વાર્ષિક યાત્રા (હલ્દી ઉત્સવ) વિઠ્ઠલ બિરદેવ વાર્ષિક યાત્રા, જેને હલ્દી ઉત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે મહારાષ્ટ્રના કોલ્હાપુરના પટ્ટન કોડોલીમાં વિઠ્ઠલ બિરદેવ મંદિરમાં યોજાતો એક જીવંત ઉત્સવ છે. આ ઉત્સવમાં હજારો ભક્તો હાજરી આપે છે અને તે પ્રદેશના સાંસ્કૃતિક વારસાનો એક અભિન્ન ભાગ છે. આ મંદિર પ્રદેશના આદરણીય દેવતા ભગવાન વિઠ્ઠલ બિરદેવને સમર્પિત છે. આ ઉત્સવ દરમિયાન, ભક્તો ભક્તિ અને કૃતજ્ઞતાના પ્રતીક તરીકે દેવતાને હળદર પાવડર અર્પણ કરે છે. આ ઉત્સવ પ્રદેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતાનો સ્ફટિક પુરાવો છે અને સ્થાનિક પરંપરાઓ અને રિવાજોનો અનુભવ કરવામાં રસ ધરાવતા લોકો માટે આ અવશ્ય મુલાકાત લેવી જોઈએ.



# ફેશન શો... MSUના સ્ટુડન્સનું કેટ વોક













વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સતત ત્રીજા વર્ષે કલ્ચરલ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે પ્રથમ દિવસે યુનિવર્સિટીના સી.સી. મહેતા ઓડિટોરિયમ ખાતે ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ રેમ્પ વોક કર્યું હતું. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના યુનિવર્સિટી અધ્યક્ષ હર્ષિલ રબારીએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીની અંદર કોરોના બાદ વિદ્યાર્થીઓ માટે કોઈ મોટો ફેસ્ટિવલ યોજાયો નથી. ત્યારે છેલ્લા બે વર્ષથી યુનિવર્સિટીમાં એબીવીપી દ્વારા કલ્ચરલ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે, તે જ પ્રમાણે આજે ત્રીજા વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન ત્રણ દિવસ સુધી છે. જેમાં 250 થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આ કલ્ચરલ ફેસ્ટિવલની આતુરતાથી રાહ જોતા હોય છે. એ જ પ્રમાણે આ વખતે પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે ફેશન શો યોજાયો છે. જેમાં વિવિધ મહાનુભાવો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ માત્ર અને માત્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટેનો જ છે. આના વ્યુવર્સ પણ વિદ્યાર્થીઓ જ હોય છે. વિદ્યાર્થીઓને મનોરંજન પૂરું પડે છે, સાથે જ એબીવીપી વિદ્યાર્થીઓ માટે આંદોલન નહીં આવા કાર્યક્રમમાં પણ કરતું હોય છે. જેથી કરીને જે વિદ્યાર્થીઓમાં પ્રતિભા છુપાયેલી હોય તે ઉજાગર થાય આ વખતે આપણે વિદ્યાર્થીઓ માટે ડાન્સ ફેશન શો ફેશન વોક કલ્ચરલ ફેશન બોક્સ જે આપણી સંસ્કૃતિને લાગુ પડે છે. એ મુજબનું ફેશન શો છે. ડ્રામા છે અને અંતિમ દિવસે ગુજરાતીઓનું મનપસંદ ડાયરો પણ રાખવામાં આવેલો છે.